બાકરોલ બ્રિજ નજીક ખેતરમાં ખાડો ખોદીને વેસ્ટ નિકાલ કરતા LCBના હાથે ઝડપાયા

# ઝેરી કેમિકલ વેસ્ટ દાટી દેવાનું રેકેટ

**ભરૂચ** LCBએ બે ડ્રાઇવરને ઝડપી બે હાઇવા ટ્રક કબજે લીધી

**પાનોલીની** ચિદાકાશ એન્વાયરો અને ટ્રક માલિક સામે પણ ગુનો નોંધાયો






**પકડાયેલા આરોપી**

- ઝકરિયા ફારૂક પટેલ (રહે., ખરોડ, હાઇવા ચાલક)
- નરેશ ઉર્ફે હીરા રમેશ વસાવા (રહે.,ખરોડ, હાઇવા ચાલક)

ભરૂચ, અંકલેશ્વર : ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચે પાનોલી GIDC વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન કેમિકલ વેસ્ટના ગેરકાયદે નિકાલનું રેકેટ ઝડપી પાડ્યું છે. નેશનલ હાઈવે-48 પર બાકરોલ બ્રિજ નજીક આવેલા એક ખેતરમાં ખાડો ખોદીને શંકાસ્પદ કેમિકલ વેસ્ટ ઠાલવતી બે હાઈવા ટ્રક સાથે બે ડ્રાઈવરોને પોલીસે ઝડપી પાડ્યા છે.

મળતી માહિતી મુજબ, LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાકરોલ બ્રિજના સર્વિસ રોડ નજીક આવેલા ખેતરમાં બે હાઈવા ટ્રક શંકાસ્પદ સ્થિતિમાં જોવા મળ્યા હતા. પોલીસની ટીમે સ્થળ પર તપાસ કરતાં ખેતરમાં ખોદવામાં આવેલા ખાડામાંથી કેમિકલની દુર્ગંધ આવતી હોવાનું જણાયું હતું. પોલીસના જણાવ્યા મુજબ, અટકાયતમાં લેવાયેલા બંને ચાલકોની પૂછપરછ દરમિયાન આ શંકાસ્પદ સોલિડ હેઝાર્ડસ કેમિકલ વેસ્ટ 'ચિદાકાશ એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ' કંપનીમાંથી ભરીને લાવ્યાની કબૂલાત કરી હતી.

ડ્રાઈવરોના જણાવ્યા મુજબ, હાઈવા ટ્રકના માલિક ફયાઝ સગરે તેમને પાનોલી GIDCની કંપનીમાંથી કેમિકલ વેસ્ટ ભરીને બાકરોલ બ્રિજ નજીક સર્વિસ રોડ પાસે આવેલા ખાડામાં ઠાલવવાની સૂચના આપી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને પોલીસે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (GPCB)ને જાણ કરી હતી. GPCB અધિકારી એલ. વી. બ્રહ્મભટ્ટની હાજરીમાં ટ્રક તેમજ કંપનીમાંથી કેમિકલ મટીરીયલના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સેમ્પલ વધુ તપાસ માટે GPCB અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL)માં મોકલવામાં આવ્યા છે.ડ્રાઈવરોની પૂછપરછમાં મળેલી માહિતીના આધારે પોલીસે ચિદાકાશ એન્વાયરો પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. કંપનીના કર્મચારી નીતિન અમૃતલાલ પાનસુરીયાની પૂછપરછ કરી કંપનીમાંથી પણ કેમિકલ મટીરીયલના સેમ્પલ લેવામાં આવ્યા હતા.પોલીસે સ્થળ પરથી 20 લાખની કિંમતની બે હાઈવા ટ્રક અને 20 હજારની કિંમતના બે મોબાઈલ ફોન મળી કુલ 20.20 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે અંકલેશ્વર પાનોલી GIDC પોલીસ મથકે બંને ટ્રક ચાલકો, ટ્રક માલિક ફયાઝ સગર, કંપનીના માલિક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કઠવાડામાં ઇફકોની સભામાં નેનો DAP મુદ્દે ખેડૂતોનો હલ્લાબોલ

**ઇફકોનું** ઉત્પાદન નેનો ડીએપી ફેઇલ હોવાનો ખેડૂતોએ આક્ષેપ કરતો વિડીયો બનાવ્યો



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કઠવાડા ગામે શનિવારે ઇફકો (IFFCO) કંપની દ્વારા આસપાસના વિસ્તારના ખેડૂતોને નવી ટેક્નોલોજી અને આધુનિક ખેતી પદ્ધતિઓથી માહિતગાર કરવા એક ખાસ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ કાર્યક્રમ દરમિયાન ખેડૂતોએ ભારે વિરોધ નોંધાવતાં સભામાં હલ્લાબોલ જેવી સ્થિતિ સર્જાઇ હતી.

સભામાં ઉપસ્થિત ઇફકોના કર્મચારીઓ જ્યારે કંપનીના ઉત્પાદન 'નેનો ડીએપી' (Nano DAP) અંગે વિસ્તૃત માહિતી આપી રહ્યા હતા, ત્યારે કઠવાડા ગામના અગ્રણી અને વિજ્ઞાન આધારિત ખેતી કરતા ખેડૂત નેતા અમિતકુમાર કનકસિંહ વશી, પ્રદીપભાઈ, ભરતભાઈ સહિત અન્ય ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો હતો. ખેડૂતોએ કંપનીના દાવા સામે આક્ષેપ કરતાં ઘટના સ્થળે જ વિડીયો બનાવીને પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. ખેડૂત આગેવાનોએ જણાવ્યું હતું કે, કંપનીના વિશ્વાસે તેમણે પોતાનાં ખેતરોમાં નેનો ડીએપીનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તેનાથી કોઈ યોગ્ય પરિણામ મળ્યું નથી. કંપનીના દવાનો ઉપયોગ કરવા છતાં ઉત્પાદનમાં નુકસાની વેઠવાનો વારો આવ્યો છે અને પાકને ભારે ફટકો પડ્યો છે. પરિણામે, ખેડૂતોએ ઇફકોના નેનો ડીએપી ઉત્પાદનને નિષ્ફળ (ફેઇલ) ગણાવ્યું હતું.

આ ઘટનાથી સ્થળ પર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આક્રોશિત ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, આ નબળા ઉત્પાદનને કારણે થયેલા આર્થિક નુકસાન અંગે તેઓ ઉચ્ચ કક્ષાએ રજૂઆત અને ફરિયાદ કરશે. તેમજ ખેડૂતોને થયેલા નુકસાનનું યોગ્ય વળતર મેળવવા માટે આગામી સમયમાં કડક કાનૂની અને આંદોલનાત્મક પગલાં ભરવાની ચીમકી પણ આપી છે.

# રૂ.૧૫૪૫ લાખના વાર્ષિક ટર્ન ઓવર સાથે તરસાડી મંડળી માંગરોળમાં પ્રથમ

**ધી તરસાડી** દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૩૧મી સાધારણ સભા મળી


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા એ.પી. એમ.સી.ના હોલ ખાતે ધી તરસાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૩૧મી સાધારણ સભા પ્રમુખ રાકેશસિંહ રણજીતસિંહ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ હતી. આ સભામાં મંડળીના સભાસદો, કમિટી સભ્યો, હિસાબનીશ, કર્મચારીઓ તેમજ સુમુલ ડેરીના ફીલ્ડ સ્ટાફ સંજયભાઈ આર.પટેલે ખાસ હાજરી આપી હતી.

સભા દરમિયાન સુમુલ ડેરીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા સુરત ડિ.કો.બેંક દ્વારા સંચાલિત કે.સી.સી. (KCC) યોજના વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જે અંતર્ગત ૧૨૫ સભાસદને કે.સી.સી. યોજનાનો સીધો લાભ આપવામાં આવ્યો છે. પ્રમુખે મંડળીની 'સોનેરી ઝલક' રજૂ કરી મંડળીના વિકાસ અને ભવિષ્યના આયોજન અંગે ચર્ચા કરી હતી. સભામાં વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના તારીજ, વેપાર ખાતા અને નફા-નુકસાન ખાતાની વિગતો ચર્ચા કરી વાર્ષિક હિસાબોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે સુમુલ ડેરી સંઘ દ્વારા રૂ.૧,૩૩,૨૮,૫૩૩.૨૦ અંતિમ ભાવ ફેર આપવામાં આવ્યો છે, જેમાં મંડળીએ પોતાના નફામાંથી રૂ. ૬૪,૯૬,૯૨૩ ઉમેરીને કુલ રૂ.૧,૯૮,૨૫,૪૫૬.૨૦ની રકમ સભાસદોના બેંક ખાતામાં જમા કરાવી છે. આ ભાવ ફેર ભેંસના દૂધ માટે લીટર દીઠ રૂ.૧૦.૫૦ અને ગાયના દૂધ માટે લીટર દીઠ રૂ.૯.૫૦ લેખે ચૂકવવામાં આવ્યો છે. માંગરોળ તાલુકામાં અંતિમ ભાવ ફેર મેળવવામાં તરસાડી મંડળીએ સમગ્ર તાલુકામાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. મંડળીનું વાર્ષિક ટર્નઓવર રૂ.૧૫૪૫ લાખ નોંધાતાં સભાસદો અને ગ્રામજનોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે.


મેહુલ પટેલ

# અનાવલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ

**13 મુદ્દા** પર ચર્ચા-વિચારણા, સભાસદોની રજૂઆતો સાંભળી યોગ્ય નિકાલની ખાતરી

અનાવલઃ અનાવલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. સભામાં મંડળીના સભાસદોની વિવિધ રજૂઆતો તેમજ આગામી વર્ષના આયોજન અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સભાસદો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો સૂચનોનો યોગ્ય નિકાલ કરવામાં આવશે તેમ મંડળીના પ્રમુખ દ્વારા જણાવાયું હતું. સભા દરમિયાન કુલ 13 મુદ્દા વાંચનમાં લઈ તેના પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. મંડળીના પ્રમુખે જણાવ્યું હતું કે, મંડળી અંગે કોઈપણ સભાસદને પ્રશ્ન કે રજૂઆત હોય તો તે રજૂઆત સાંભળી યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

આ પ્રસંગે સુરત સુમુલ ડેરીના ડિરેક્ટર ધનંજય પટેલ સહિત આંગલધારા, કોષ, તરકાણી, ગાંગડીયા સહિતનાં ગામોના પ્રમુખો, મંત્રીઓ તેમજ મોટી સંખ્યામાં મંડળીના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા બાદ વાર્ષિક સભા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

# ભેંસો ચોરાતાં પાલોદ પોલીસે ધક્કા ખવડાવ્યા: SPના દબાણથી ગુનો નોંધ્યો!

**મોટી** નરોલીના પશુપાલકને પોલીસનો કડવો અનુભવ, એક માસ સુધી ધક્કા ખાધા બાદ ફરિયાદ લીધી

હથોડાઃ મોટી નરોલી ગામે અઢી લાખ રૂપિયાની કિંમતની બે ભેંસ ચોરાઈ જવાની ઘટનામાં પાલોદ પોલીસની ઘોર બેદરકારી સામે આવી છે. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવા છતાં, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરવાને બદલે ફરિયાદીને એક મહિના સુધી ધરમધક્કા ખવડાવતાં આખરે સુરત જિલ્લા પોલીસ વડા સમક્ષ રજૂઆત કરવી પડી હતી.

મળતી માહિતી મુજબ મોટી નરોલીના મસ્જિદ ફળિયામાં રહેતા ઈમ્તિયાઝ ઈકબાલ ચૌહાણના ઘરઆંગણે બાંધેલી બે ભેંસ ગત તા.૨૬ ઓગસ્ટના રોજ ચોરાઈ ગઈ હતી. જેમાં એક તાજી વિયાયેલી અને બીજી વિયાવાની તૈયારીમાં હતી. પશુપાલન પર નિર્ભર પરિવારે રૂ.૨,૫૦,૦૦ની ભેંસ ચોરાઈ જતાં આજીવિકા ગુમાવી દીધી હતી.

ઘટના અંગે સીસીટીવી ફૂટેજ જેવા નક્કર પુરાવા સાથે પાલોદ પોલીસ મથકે લેખિત રજૂઆત કરવા છતાં, પોલીસે કોઈ ગંભીરતા દાખવી ન હતી અને ફરિયાદ નોંધવામાં ગલ્લાતલ્લાં કરતી રહી હતી.

પોલીસના વલણથી કંટાળીને પીડિત પશુપાલકે સુરત જિલ્લા પોલીસ વડાને લેખિતમાં આપવીતી જણાવી ન્યાયની ગુહાર લગાવી હતી. SP કાર્યાલયે દખલગીરી કરતાં નિષ્ક્રિય બનેલી પાલોદ પોલીસ હરકતમાં આવી હતી અને ચોરીના એક મહિના બાદ આખરે ગુનો દાખલ કર્યો હતો. જોકે, એક મહિનો વીતી ગયા બાદ પોલીસે ચોરીનો ગુનો નોંધ્યો હોવાથી હવે નિષ્ક્રિય પોલીસ તસ્કરોને ક્યારે પકડશે તે અંગે સમગ્ર વિસ્તારની જનતામાં ભારે ચર્ચા અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

## ચલથાણ પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક સવાર યુવકનું મોત

પલસાણાઃ ચલથાણ પાસે મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે ૪૮ પર પ્રિન્સ કટ નજીક બાઈક નં.(GJ-19-BB-9290) પર પસાર થતા ધીરેશકુમારને કોઈ અજાણ્યા વાહનચાલકે પૂરપાટ અને ગફલતભરી રીતે હંકારી જોરદાર અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં ધિરેશકુમારનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી વાહનચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હતો. મૃતકના મિત્ર દેવેન્દ્રકુમાર મહતોની ફરિયાદના આધારે કડોદરા GIDC પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## સુરવાડી ગામમાં ડીપી ચોર ટોળકી સક્રિય

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સુરવાડી ગામ અને આસપાસના સીમ વિસ્તારમાં ટ્રાન્સફોર્મર તથા ખેતી વિષયક સાધનોની ચોરી કરતી સશસ્ત્ર ચોર ગેંગ ફરી સક્રિય થતાં ખેડૂતો અને ગ્રામજનોમાં ભય સાથે આક્રોશનો માહોલ છવાયો છે. એક જ અઠવાડિયામાં સતત બીજી વખત ટ્રાન્સફોર્મર તોડી કોપર ચોરીનો બનાવ બનતાં સ્થાનિક પોલીસ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊઠ્યા છે.


સુરેશ ગાંધી

## કડોદરાના ક્રિષ્ના નગરમાં યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણાઃ કડોદરા સ્થિત ક્રિષ્ના નગરમાં રહેતી ૨૦ વર્ષીય નિધિ પવનભાઈ રાવતે પોતાના રૂમમાં પંખા સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. મૂળ મધ્યપ્રદેશના સીધી જિલ્લાની વતની યુવતીએ ૨૪ સપ્ટેમ્બરના રોજ અગમ્ય કારણોસર આ અંતિમ પગલું ભર્યું હતું. મૃતકની માતા શીયાબેને કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માણેકપોર ચેકપોસ્ટ પાસે ગેરકાયદે પશુઓ ભરેલું કન્ટેનર ઝડપાયું

**૧૯ ભેંસનો** બચાવ, બેની અટકાયત, પશુ ભરાવનાર અને કન્ટેનરનો માલિક વોન્ટેડ

બારડોલીઃ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ મુકેશજી સરતાનજી ચૌહાણની ફરિયાદ મુજબ ગૌરક્ષક મહાવીર હરખચંદ જૈનની બાતમીના આધારે માણેકપોર ચેકપોસ્ટ પાસે ટાટા કંપનીના કન્ટેનર નં.(GJ-27-TG-9711)ને અટકાવીને તપાસ કરવામાં આવી હતી. કન્ટેનરની અંદર જોતાં તેમાં ૧૯ ભેંસને ટૂંકા દોરડાથી ખીચોખીચ અને અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી ડ્રાઈવર ફૈઝલભાઈ અયુબભાઈ માકણોજીયા અને ક્લીનર લતીફભાઈ ઈબ્રાહિમભાઈ માકણોજીયા (બંને રહે.,વડગામ, બનાસકાંઠા)ની અટકાયત કરી હતી. તેઓની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે, આ પશુઓ આણંદના સામરખાના અઝહર મલેકના તબેલામાંથી ભરવામાં આવ્યા હતા અને મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે પહોંચાડવાના હતા. પોલીસે ૧૯ ભેંસ કિં. રૂ.૪,૭૫,૦૦૦, એક મોબાઈલ ફોન અને ૧૦ લાખનું કન્ટેનર મળી કુલ રૂ.૧૪,૭૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. તમામ બચાવેલી ભેંસોને નજીકની માણેકપોર પાંજરાપોળ ખાતે ઉતારી લેવામાં આવી છે અને ફરાર આરોપીઓ પશુમાલિક અઝહર મલેક તથા કન્ટેનર માલિક શરીફ શેખને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પરીઆ ગામમાં તળાવમાં નાહવા પડેલા શ્રમિકનું ડૂબી જવાથી મોત

સાયણઃ ઓલપાડના પરીઆ ગામે તળાવના પાણીમાં નાહવા પડેલા માંડવીના આધેડ શ્રમિકનું ડૂબી જવાથી મોત થયું છે. મૂળ માંડવીના કરૂઠા ગામનો વતની કાંતુભાઈ સુરજીભાઈ ચૌધરી (ઉં.વ.૪૮) હાલ ઓલપાડના પરીઆ ગામે ખરી ફળિયામાં રહી ગામમાં મજૂરીકામ કરતો હતો. કાંતુભાઈ ચૌધરી ગત તા.૨૫ના રોજ બપોરે ૨ વાગ્યે પરીઆના તળાવના પાણીમાં નાહવા માટે પડ્યો હતો. એ સમયે તેને તળાવના ઊંડા પાણીનો ખ્યાલ ન આવતાં તેનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે પરીઆ ગામે રહેતી શ્રમિક મહિલા શિલાબેન વસાવાએ ઓલપાડ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો નોંધી વધુ તપાસ અ.હે.કો.વિક્રમ કરી રહ્યા છે.

### બારડોલીમાં નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો



બારડોલીઃ બારડોલી નગરપાલિકાના વોર્ડ નંબર-6ના કોર્પોરેટર સમીર પટેલ દ્વારા પોતાના જન્મદિવસ નિમિત્તે સેવાભાવી પહેલરૂપે વોર્ડ-6માં નિ:શુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન જનરલ ફિઝિશિયન, ગાયનેકોલોજી, ફિઝિયોથેરાપી, ઓર્થોપેડિક, E.N.T. તેમજ આંખોની તપાસ સહિતની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. કેમ્પમાં વોર્ડ-6 સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આશરે 700થી 800 લોકોએ નિ:શુલ્ક આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. કેમ્પમાં ડો.ભાવિનકાંત ચૌધરી (જનરલ ફિઝિશિયન), ડો.અવનિ પટેલ (ગાયનેકોલોજિસ્ટ), ડો.રાજેશ કલમસરીયા (ફિઝિયોથેરાપિસ્ટ), ડો.આરીવાલા (ઓર્થોપેડિક), ડો.સુમીત પરમાર (E.N.T.) તથા SVNMM ટ્રસ્ટના આંખોના નિષ્ણાતો દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

### માંડવીમાં 'શહીદ વિકાસ દેસાઈ ટ્રાન્ઝિટ હોસ્ટેલ'નું લોકાર્પણ


હિતેશ પટેલ

માંડવીઃ વન, પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુન મોઢવાડિયાના હસ્તે રાજ્યના વન વિભાગ દ્વારા માંડવી તાલુકા મથકે વન સંરક્ષક વિકાસ અને વ્યવસ્થા યોજના ૨૦૨૪-૨૫ અંતર્ગત નિર્માણ પામેલા "શહીદ વિકાસ દેસાઈ ટ્રાન્ઝિટ હોસ્ટેલ"નું લોકાર્પણ કરાયું હતું. આ અવસરે બારડોલીના સાંસદ પરભુભાઈ વસાવા ઉપસ્થિત રહ્યા હતા. માંડવી વન દર્પણ ખાતે નિર્માણ પામેલા આ પ્રોજેક્ટ રૂ.૧.૫૪ કરોડના ખર્ચે કાર્ય પૂર્ણ કરવામાં આવ્યો છે. કુલ ૨૬૭.૭૩ ચોરસ મીટર વિસ્તારમાં ગ્રાઉન્ડ પ્લસ વન (G+1) માળનું નિર્માણ કરવામાં આવ્યું છે. 'તાપી' અને 'નર્મદા' નામના બે બ્લોકમાં કુલ આઠ રહેણાક યુનિટની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક યુનિટમાં ડ્રોઈંગ રૂમ, બેડરૂમ, રસોડું, ટોઇલેટ-બાથરૂમ, વરંડા તથા બાલ્કની જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ પ્રસંગે ભરૂચ વન વર્તુળના વન સંરક્ષક આનંદકુમાર, સુરત વન વર્તુળના વન સંરક્ષક પુનિત નૈયર, સુરત વન વિભાગના નાયબ વન સંરક્ષક ધીરજકુમાર સહિત વન વિભાગના અધિકારીઓ બળવંતસિંહ સોલંકી રમાબેન વસાવા અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### માંડવી સ્ટેટના માર્ગ અને મકાન વિભાગ દ્વારા સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ


હિતેશ પટેલ

માંડવીઃ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા અને પર્યાવરણને શુદ્ધ રાખવાના ઉમદા હેતુથી આજે માંડવી સ્ટેટના માર્ગ અને મકાન (R&B) વિભાગ દ્વારા એક સઘન સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનું નેતૃત્વ વિભાગના કાર્યપાલક ઈજનેર મયૂર ચૌધરી તથા એસ.ઓ. રવિભાઈ ચૌધરી તથા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉચ્ચ અધિકારીઓએ જાતે હાથમાં સાવરણો પકડીને સફાઈ કરી અન્ય લોકો અને કર્મચારીઓ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### ઉમરપાડા અને માંગરોળ ખાતે તાલુકા કક્ષાની ચિત્ર-વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ


વિનોદ મૈસુરીયા

વાંકલઃ ઉમરપાડાના વાડી સ્થિત સૈનિક સ્કૂલ અને માંગરોળના વાંકલ ખાતે આવેલી એન.ડી.દેસાઈ હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાની ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં બંને તાલુકામાંથી ૩૦થી ૩૫ હજાર જેટલા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત પૂર્વ કેબિનેટ મંત્રી અને વર્તમાન ધારાસભ્ય ગણપતસિંહ વસાવા તથા અન્ય મહાનુભાવો દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા અને શ્રેષ્ઠ કળા રજૂ કરનારા વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે ઉમરપાડા તા.પં. પ્રમુખ સપનાબેન વસાવા, સુમુલ ડેરીના ડિરેક્ટર અમીષ વસાવા, વાડીના સરપંચ ભૂપેન્દ્રભાઈ, હરીશ વસાવા, જિ.પં.ના ઉપપ્રમુખ ઉમેદ ચૌધરી, માંગરોળ તા.પં. પ્રમુખ સંગીતા ગામીત, વાંકલનાં સરપંચ અનિતાબેન ચૌધરી, જિ. પં.સદસ્ય અંકિતા ગામીત, દીપક વસાવા, તા.પં. સદસ્ય ઉજાસ ચૌધરી, યુવરાજસિંહ સોનારીયા, ઈલા ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.


Milano MULTIPLEX
બારડોલી
The Vvaan
10:00am, 01:00pm, 4:00pm, 7:00pm, 10:00pm,
Avengers : engame encore
11:00am, 5:45pm,
The paradise
2:30pm, 6:00pm, 9:30pm,
Mitrata - Gujarati : 12:00pm
Hanuman Ansh : 3:00pm, 9:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333